# એસ વી સ્કૂલમાં ઉજવાયો કેપ ડે



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત એસ. જી. ઈંગ્લિશ મીડિયમ પ્રાઈમરી સ્કૂલમાં ધોરણ-૫ થી ૮ના વિદ્યાર્થીઓ માટે ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓએ 'પાણી બચાવો' વિષય પર ચિત્રો દોરીને તેમાં મન પસંદ રંગ પૂર્યા હતા.



ગાંધીનગર, તા. ૧૧

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત એસ.વી.ઈંગ્લિશ મીડિયમ પ્રિ-સ્કૂલમાં 'કેપ ડે'ની ઉજવણી કરવામાં આવી હતી, જેમાં બાળકો તથા શિક્ષિકાઓ અલગ અલગ પ્રકારની કલરફુલ કેપ પરિધાન કરી, ઉત્સાહભેર શાળામાં હાજરી આપી હતી. મોટાભાગના વાલીઓએ પોતેજ અવનવી કેપ જાતે જ બનાવીને પોતાની ઉત્કૃષ્ટ કલાનું પ્રદર્શન કર્યુ હતું. બાળકોએ ફૂલગુલાબી ઠંડીની મોસમમાં ઝૂમ્બા ડાન્સ કરીને ચિચિયારીઓથી શાળાના પ્રાંગણને ગજવી દીધું હતું.

## જન્મદિને વધામણી



કજરી
હરેશભાઈ આચાર્ય
મો. ૯૮૨૪૯ ૯૨૨૪૭
મો. ૯૪૦૮૩ ૨૧૯૨૭



દક્ષા જાદવ
લાયોનેસ ક્લબ



ભરતકુમાર સી શાહ
મો. ૯૮૨૪૬ ૧૯૪૫૧

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.
- સંપાદક

# સમર્પણ લૉ સ્કૂલ દ્વારા એફએસએલની મુલાકાત





સમર્પણ એજ્યુકેશન એન્ડ રિસર્ચ કૅમ્પસ સંચાલિત સમર્પણ સ્કૂલ ઑફ લૉના ૪૦ વિદ્યાર્થીઓએ ફોરેન્સિક સાયન્સ લૅબોરેટરીની શૈક્ષણિક મુલાકાત લીધી હતી. આ પ્રવાસનું આયોજન કૉલેજના આચાર્ય ડૉ. પંકજ પંડ્યા અને ફૅકલ્ટી અનમોલસિંહના સહયોગથી કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓને એફએસએલના જુદા જુદા વિભાગોની જાણકારી આપવામાં આવી હતી. કૉલેજના ફૅકલ્ટી બી એસ તોતેજા અને સુનીતા ચૌહાણ વિદ્યાર્થીઓ સાથે રહ્યા હતા. મુલાકાત માટે કૅમ્પસ ડિરેક્ટર મહેન્દ્રસિંહ વાઘેલા અને રજિસ્ટ્રાર ડૉ. ઍમ ડી પાંડેએ પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું.

# નવગુજરાત કૉમર્સ કૉલેજમાં ગ્રીન ડેની ઉજવણી કરાઈ



સોમનાથ કેળવણી મંડળ સંચાલિત નવગુજરાત કોમર્સ સેક્ટર ૨૮ ગાંધીનગર ખાતે તાજેતરમાં ટ્રેડીશનલ ડે તેમજ ગ્રીન ડે ની ઉજવણી કરવામાં આવી જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહ પૂર્વક ભાગ લઈ વિવિધ કાર્યક્રમો તેમજ વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું જેની સાથે સાથે વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ પેઈન્ટિંગ તેમજ મહેંદી સ્પર્ધાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું અને વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવેલી મહેંદી સ્પર્ધા અને પેન્ટિંગ સ્પર્ધાનું નિરીક્ષણ કર્યા બાદ વિદ્યાર્થીઓને પ્રોત્સાહન વધારવા માટે વિદ્યાર્થીઓને સર્ટિફિકેટ થી સન્માનિત કરવામાં આવ્યા આવ્યા હતા.

# જેએમપી ગોપાલક વિદ્યા સંકુલમાં યોગાસન તાલીમ શિબિર યોજાઈ



જે. એમ. પી. ગોપાલક વિદ્યા સંકુલમાં જિલ્લા કક્ષા વ્યક્તિત્વ વિકાસ અને યોગાસન તાલીમ શિબિરનું આયોજન કરવામા આવ્યું હતુ. કમિશ્નરશ્રી યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરી પ્રેરીત જિલ્લા યુવા વિકાસ અધિકારી ગાંધીનગર તથા ગોપાલક વિદ્યા સંકુલના સહયોગથી જિલ્લા કક્ષા વ્યક્તિત્વ વિકાસ અને યોગાસન તાલીમ શિબિરનું આયોજન કરવામા આવ્યું અને તેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહ ભેર ભાગ લીધો હતો. જેનું સમગ્ર શિબિરનું સંચાલન લાભુભાઈ દેસાઈ દ્વારા કરવામા આવ્યું હતું.

## ગૂજરાત વિદ્યાપીઠ, સાદરા ખાતે

# રાજ્ય આંતરવિશ્વવિદ્યાલય કર્મચારી ક્રિકેટ ટુર્નામેન્ટ



ગાંધીનગર, તા. ૧૧

ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદ અને ગુજરાત રાજ્ય યુનિવર્સિટી કર્મચારી રમત-ગમત અને સાંસ્કૃતિક મંડળ (GSUSSCA) દ્વારા સંયુક્ત ઉપક્રમે ગૂજરાત રાજ્ય આંતર વિશ્વવિદ્યાલય કર્મચારી ક્રિકેટ ટુર્નામેન્ટનો આયોજન ગૂજરાત વિદ્યાપીઠ શતાબ્દી વર્ષ નિમિતે અને આ વર્ષ પૂજ્ય બાપુની ૧૫૦મી જન્મ જયંતી વર્ષ પણ ચાલે છે તેને ધ્યાનમાં રાખી આ વિશેષ કાર્યક્રમ સાદરા ખાતે શારીરિક શિક્ષણ અને રમત વિજ્ઞાન વિદ્યાશાખા, ગ્રામ સેવા કેન્દ્રમાં કરવામાં આવ્યું હતું. ઉદ્ઘાટન પ્રસંગે સમારોહમાં અધ્યક્ષ તરીકે ગૂજરાત વિદ્યાપીઠના કુલનાયક ડૉ. અનામિક શાહ, મુખ્ય મહેમાન તરીકે ડૉ. અર્જુનસિંહ રાણા, કુલપતિ, સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સીટી, ગાંધીનગર અતિથિ વિશેષ તરીકે ડૉ. હર્ષદભાઈ પટેલ, કુલપતિ, આઈ. આઈ. ટી. ઈ. ગાંધીનગર, ડૉ. ભરતભાઈ જોશી, કા. કુલસચિવ, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ અને અતિથિ તરીકે ડૉ. વસંત પટેલ, પ્રમુખ, ગુજરાત રાજ્ય યુનિવર્સિટી કર્મચારી રમત-ગમત અને સાંસ્કૃતિક મંડળ, સંદિપ જયસ્વાલ, સચિવ, ગુજરાત રાજ્ય યુનિવર્સિટી કર્મચારી રમત-ગમત અને સાંસ્કૃતિક મંડળ, ડૉ. જમનાદાસ સાવલિયા, ભૂતપૂર્વ ડીન, શારીરિક શિક્ષણ અને રમત વિજ્ઞાન વિદ્યાશાખા, સાદરા, રમેશ મ. પટેલ, સંયોજક. મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ, સાદરા અને ડૉ. પ્રભુલાલ કાસુન્દ્રા, ડીનશ્રી, શારીરિક શિક્ષણ અને રમત વિજ્ઞાન વિદ્યાશાખા, સાદરા હાજર રહ્યા હતા. ગૂજરાત વિદ્યાપીઠે પોતાની પ્રથમ મેચમાં કામધેનુ યુનિવર્સીટી, ગાંધીનગરને હાર આપી હતી. સંપૂર્ણ કાર્યક્રમનું સંચાલન અને આભારવિધિ ડૉ. નીરજ સિલાવટે કરી હતી.

# કિશોર ક્લાસિસ દ્વારા આજે કારકિર્દી માર્ગદર્શન કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૧૧

કિશોર ક્લાસિસ દ્વારા ધોરણ-૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓ માટે નિઃશુલ્ક અભિપ્રેરણ અને કેરિયર ગાઈડન્સ સેમિનારનું આયોજન ગાંધીનગર ટાઉનહૉલ ખાતે કરવામાં આવ્યું છે. રવિવાર, તા. ૧૨મી જાન્યુઆરીના રોજ બપોરે ૩.૩૦ કલાકે યોજવામાં આવેલા આ સેમિનારમાં ભાગ લેવા માટે રજિસ્ટ્રેશન કરાવવું આવશ્યક છે. મોબાઈલ નં. ૭૦૬૯૮ ૮૬૦૦૨ અથવા ૭૦૬૯૮ ૭૬૦૦૨ના માધ્યમથી રજિસ્ટ્રેશન કરાવી શકાશે. સેમિનાર અંતર્ગત મોટિવેશનલ સ્પિકર પ્રિયંકા જૈન રાવલ દ્વારા વિદ્યાર્થીઓને માર્ગદર્શન પૂરું પાડવામાં આવશે.

# શ્રી જે બી પ્રાથમિક શાળામાં આનંદ મેળાનું આયોજન થયું




બાળકોમાં સમૂહ ભાવના કેળવાય, એકસૂત્રતા જળવાય અને આનંદ સાથે એકબીજાને મદદરૂપ થઈ જીવન જીવવાની શીખ પ્રાપ્ત કરે તે હેતુસર સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રી જે બી પ્રાથમિક શાળામાં આનંદમેળાનું અને સમૂહ નાસ્તાનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓને બજારૂ ખોરાકથી દૂર રાખી વિદ્યાર્થીઓ અને શિક્ષકોના સંયુક્ત પ્રયાસથી તૈયાર કરવામાં આવેલી શુદ્ધ પાણીપુરી પિરસવામાં આવી હતી. સાથે સાથે વિદ્યાર્થીઓને શુદ્ધ અને સાત્વિક આહાર આપવામાં આવ્યો હતો, જેનો બાળકોએ ભરપૂર આનંદ માણ્યો હતો.

# ભારતને જાણવું હોય તો વિવેકાનંદનો અભ્યાસ કરો

૧૮૯૩માં શિકાગોના ધી આર્ટ ઈન્સ્ટિટ્યુટ ખાતે યોજાયેલી ધર્મ સંસદમાં વિદ્યાના દેવી સરસ્વતી ને પ્રણામ કરીને 'અમેરિકાના ભાઈઓ તથા બહેનો' આ શબ્દો કાને પડતાં ઉપસ્થિત સાત હજારની મેદનીએ ઉભા થઈને બે મિનિટ સુધી તાળીઓ પાડીને તેમનું સન્માન કર્યુ, યુરોપ અને અમેરિકામાં વેદાંત અને યોગના જન્મદાતા અને ૧૯મી સદીના અંતે હિન્દુ ધર્મને વિશ્વકક્ષાએ પ્રસ્થાપીત કરવાનો શ્રેય જેમને જાય છે તેવા સ્વચ્છ હૃદય ને બુધ્ધિવૈભવ ધરાવતા અને રામકૃષ્ણ પરમહંસના શિષ્ય સ્વામી વિવેકાનંદ (જન્મે નરેન્દ્રનાથ દત્ત) ૧૨ જાન્યુઆરી, ૧૮૬૩ના રોજ કલકત્તા ખાતે માતા ભુવનેશ્વરી દેવીની કૂખે થયો હતો. પિતા વિશ્વનાથ દત્ત કલકત્તા હાઈકોર્ટમાં એટર્ની હતા. રામકૃષ્ણ કહેતા કેઃ ' તારા લલાટમાં માયા નથી. તું એને માટે જન્મ્યો નથી.' રામકૃષ્ણે નરેન્દ્રમાંથી વિવેકાનંદ પ્રગટાવ્યો. તો વિવેકાનંદે પરમહંસની ભક્તિમાં રહેલાં જ્ઞાન અને કર્મનાં બીજને એવાં વિકસાવ્યાં કે જેને કારણે રામકૃષ્ણ મિશન જ્ઞાન, ભક્તિ અને કર્મનું મિશન બન્યું છે. સ્વામી વિવેકાનંદ જૈન અને બૌધ્ધસ્વરૂપ તો કોઈ વાર ઈસાઈ ધર્મ ઉપર વાર્તાલાપ કરતા. અંગ્રેજીના જ્ઞાનને લીધે ગુરુ રામકૃષ્ણનો સંદેશ ' માનવ સેવા એજ સાચી પ્રભુ પ્રાર્થના છે 'ની આખા ભારતમાં પ્રચલિત થયો. ગુરૂના અવસાન બાદ પરિવ્રાજક બની તેમણે સમગ્ર ભારત ખંડમાં પરિભ્રમણ કર્યુ અને ભારતની સ્થિતિનો તાગ મેળવ્યો. તેઓ મુખ્યત્વે ભિક્ષા પર નભતા તેઓ પોતાની સાથે કમંડલ અને તેમના બે પ્રિય પુસ્તકો - ભગવદ્-ગીતા અને ધ ઈમિટેશન ઓફ ક્રાઈસ્ટ હંમેશાં રાખતા.

ભૌતિક સંપત્તિમાં રાચતા પશ્ચિમના દેશોમાં ભારતની આધ્યાત્મિક સંપત્તિનો પ્રચાર કરવા પશ્ચીમના દેશોનો પ્રવાસ કરવાનું વિચાર્યુ. આ વિચાર તેમને લીંબડીના ઠાકોર સાહેબ જસવંતસિંહે આપેલ. શિકાગોની ધર્મ સંસદમાં પ્રવેશ માટે સ્વામી પાસે ઓળખકાર્ડ નહોતું. પણ ત્યાં તેઓ હાર્વર્ડ યુનિવર્સિટીના પ્રોફેસર જહોન હેનરી રાઈટના પરિચયમાં આવ્યા. હાર્વર્ડ ખાતે સ્વામીએ ભાષણ આપ્યું. તે સાંભળી રાઈટે સ્વામી પાસે ધર્મ સંસદમાં પ્રવેશ માટે ઓળખકાર્ડ ન હોવા વિશે જાણ્યું ત્યારે રાઈટે એવું કહ્યું કે, ''તમારી પાસે ઓળખપત્ર માગવું એટલે સ્વર્ગમાં પ્રકાશવા માટેનો પોતાનો અધિકાર જણાવવાનું સૂર્યને પૂછવા બરોબર છે.'' ત્યાર બાદ રાઈટે પ્રતિનિધિઓનો ચાર્જ



સંભાળતા અધ્યક્ષને સંબોધીને લખેલા પત્રમાં જણાવ્યું કે, ''અહીં એક એવો માણસ છે, જે આપણા તમામ વિદ્વાન પ્રોફેસરો ભેગા થાય તો પણ તેમનાથી વધારે વિદ્વાન છે.''

બૌદ્ધિક પુરાવા અને વ્યવહારિક ચકાસણી વિના તેઓ કોઈ વાત માનતા નહોતા. તેમની યાદશક્તિ અદભૂત હતી અને તેથી જ તેઓ શ્રુતિધર કહેવાયા.

ગુજરાતમાં તેમણે ગિરનારની ગુફાઓ અને પોરબંદરમાં અગિયાર માસ ગાળેલ અને તે વખતે પતજંલિના ભાષ્યનો તથા તત્વચિંતન અને સંસ્કૃતનો અભ્યાસ કરેલો. ઉપરાંત, અમદાવાદ, વઢવાણ, કચ્છ, દ્વારકા, પાલિતાણા, વડોદરાની મુલાકાત લીધેલી. ગોવાની કોન્વેન્ટ કોલેજ રેચોલમાં તેમણે ખ્રિસ્તી ધર્મની મહત્વની અધ્યાત્મિક કૃતિઓનો અભ્યાસ



પ્રસંગસર
તીષ શામળદાન ચારણ
sscharan_aaa@yahoo.co.in

કર્યો હોવાનું કહેવાય છે.

''એક ભારતનો વિચાર'' તેમને કન્યાકુમારી ખાતે આવ્યો. ત્યાંની શિલા ઉપર તેમને ગુરુ અને જગદંબાનાં દર્શન થયાં તે 'વિવેકાનંદ શિલા' તરીકે ઓળખાય છે. ફકત ૩૯ વર્ષ જેટલા ટૂંકા આયુષ્યમાં તેમણે પોતાના જીવન, પ્રેરણા, વિચાર, સાહિત્ય તેમજ કાર્યોથી યુવાનોને પ્રેરિત કરતો સંદેશ મદ્રાસમાં તેમના ભાષણમાં આપ્યોઃ.'' મારો વિશ્વાસ યુવાશકિત પર છે. એમાંથી જ સારા કાર્યકર્તાઓ પેદા થશે, જે તેમના પરાક્રમોથી વિશ્વને બદલી નાખશે.'' સ્વામી વિવેકાનંદના મોટાભાગના લખાણો ભારતીય યુવાઓ અને યુવાશક્તિ વિશે હતા. અને તેથીજ કોઈકે બરાબર કહ્યું છે કે, જો તમે સ્વામીજીનું પુસ્તક સૂતાં સૂતાં વાંચો તો સ્વાભાવિક જ ઊઠીને બેઠા થઈ જશો. જો બેઠા થઈને વાંચશો તો ઊઠીને ઊભા થઈ જશો અને જે ઊભા થઈને વાંચશો કામમાં પરોવાઈ જશો. પોતાના લક્ષ તરફ ચાલ્યા જશો. તેમનાં વ્યકત્વ્યોની અસર મહાત્મા ગાંધી, જવાહરલાલ નેહરુ, સુભાષચન્દ્ર બોઝ, અરવિંદ ઘોષ, રાધાકૃષ્ણન જેવા રાષ્ટ્રિય નેતાઓ ઉપર હતી. ભારતના પ્રથમ ગવર્નર જનરલ ચક્રવર્તી રાજગોપાલાચારીએ નોંધ્યુ કેઃ 'વિવેકાનંદે હિન્દુ ધર્મને બચાવ્યો અને ભારતને બચાવ્યુ.' કવિ રવિન્દ્રનાથ ટાગોરે જણાવ્યુ કે : 'તમારે ભારતને જાણવુ હોય તો વિવેકાનંદનો અભ્યાસ કરો. તેમનામાં દરેક વસ્તુ સકારાત્મક અને સર્જનાત્મક છે અને કશું જ નકારાત્મક નથી.'